# આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે વુમન સ્ટાર્ટઅપ્સની ૭૫ સાફલ્ય ગાથાઓ

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વુમન સ્ટાર્ટઅપ્સ સ્ટોરીઝ વર્ણવતી કોફી ટેબલ બુકનું વિમોચન કર્યુ: રાજ્યની મહિલા શક્તિને ઉજાગર કરશે- મુખ્યમંત્રી**



ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વુમન સ્ટાર્ટઅપ્સ સ્ટોરીઝ વર્ણવતી કોફી ટેબલ બુકનું વિમોચન પ્રસંગે જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે વુમન સ્ટાર્ટઅપ્સની ૭૫ સાફલ્ય ગાથાઓ રાજ્યની મહિલા શક્તિને ઉજાગર કરશે.

I-Hub અને SSIP અંતર્ગત તૈયાર કરાયેલી કોફી ટેબલ બુક "૭૫ સ્ટોરિઝ ઓફ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન"નું આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ગુજરાતની મહિલા શક્તિના બળે રાજ્યના સ્ટાર્ટ અપ અને ઈનોવેશન ક્ષેત્રને વધુ ઉન્નત બનાવવાના પ્રખર હિમાયતી છે.

તાજેતરમાં જ મુખ્યમંત્રીશ્રીએ તેમના નિવાસસ્થાને રાજ્યના યુવા સ્ટાર્ટ અપ સંચાલકોને આમંત્રિત કરી તેમની સાથે વન-ટુ-વન સંવાદ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ઈનોવેશનના ૧૨ ક્ષેત્રો તેમજ રાજ્યની યુનિવર્સિટીઓ અને ઈન્ક્યુબેટર્સમાં યોગદાન આપનારી ૭૫ મહિલા સાહસિકોના સ્ટાર્ટ-અપ્સને વર્ણવતી કોફી ટેબલ બુકનું સંકલન શિક્ષણ વિભાગે કર્યું છે.

ગુજરાતની મહિલાઓ સ્ટાર્ટ-અપ્સ કરવા પ્રેરાય તે માટે રાજ્ય સરકારે SSIP અને i-Hub અંતર્ગત WE-Start, Women Start-up Demo day, WE-engage જેવા ફ્લેગશિપ પ્રોગ્રામ અમલી બનાવ્યા છે.

આ કોફી ટેબલ બુક ઉદ્યોગસાહસિક યુવા મહિલાઓના વિચારો અને ક્ષમતાઓ જનતા સમક્ષ પ્રસ્તુત કરશે જે આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારતના મિશનમાં યોગદાન આપશે તેવો સ્પષ્ટ મત મુખ્યમંત્રીશ્રીએ આ તકે વ્યક્ત કર્યો હતો.

કોફી ટેબલ બુકના વિમોચન પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરમતી નદીના વિકાસ માટે સરકાર વિચારણા કરી રહી છે : જળસંપત્તિ મંત્રી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ખાતે સાબરમતી નદીના ડેવલપમેન્ટ માટેની યોજના સરકારની વિચારણામાં છે.

મળતી વિગતો પ્રમાણે સાબરમતી નદી પાસે અમદાવાદ જેવો જ રિવરફ્રન્ટ બનાવવા માટેની યોજના વિચારાધીન છે.

આજે રાજ્ય વિધાનસભામાં ગાંધીનગર (દ)ના ધારાસભ્ય ભાજપના શંભુજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં જળસંપત્તિ મંત્રીએ સાબરમતી નદીના વિકાસની યોજનાનો સ્વીકાર કરી તેમના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે શાહપુર બ્રીજથી ગિફ્ટસીટી સુધી બેંક પ્રોટેક્શનની કામગીરી હાથ ધરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ બાબત હાલ તાંત્રિક મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. આ બેંક પ્રોટેક્શનની કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩૬૦ કરોડનો ખર્ચ થશે.

મળતી વિગતો પ્રમાણે બેંક પ્રોટેક્શનની કામગીરી થયા પછી રિવરફ્રન્ટ જેવા ડેવલપમેન્ટની કામગીરી બીજા તબક્કામાં હાથ ધરાશે. સાબરમતી નદીએ જ્યારે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ ત્યારે શાહપુર બ્રીજને પણ નુકશાન કર્યુ હતુ. આ ઉપરાંત વિશાળ પટ ધરાવતી નદીના કિનારાઓના પ્રોટેક્શનની કામગીરી પહેલી હાથ ધરવી જરૂરી જણાઈ છે.

દરમ્યાન સાબરમતી નદીમાં પાણીના સંગ્રહ માટે પાંચ જેટલા નવા સ્ટ્રક્ચરો બનાવવાને લઈ સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ગાંધીનગર જિલ્લામાં માધવગઢ ખાતે તથા મહેસાણા જિલ્લામાં સતલાસણા તાલુકાના ફતેપુરા, ટેચાવા અને ફુદેડા અને ફલુ ખાતે બેરેજ અને ચેકડેમ જેવા સ્ટ્રક્ચર બનાવવામાં આવશે. માધવગઢ બેરેજ ગામને સાંકળી અને બનાવવામાં આવશે. આ માટે પ્રાથમિક સર્વેની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. જેમાં માણસાના ત્રણ અને ગાંધીનગરના એક ગામને સાંકળી બેરેજ બનાવવાનું આયોજન છે.

## અમરેલીના ખાંભા અને ગીર પંથકમાં ભૂકંપના આંચકા

ગાંધીનગર, તા.૮

કચ્છની ૨૦૦૧ની ગોઝારી ઘટના ક્યારેક એકેય ગુજરાતી ભૂલી શકે તેમ નથી તેવામાં આજે ફરી સૌરાષ્ટ્ર પંથકમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે.અહેવાલ અનુસાર ગુજરાતની ધરા આજે ફરી ધ્રૂજી છે. અમરેલી પંથકમાં મોડી રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા છે. અમરેલી જિલ્લાના ખાંભા અને ગીર પંથકમાં આંચકા આવ્યા છે. મિતિયાળા અભ્યારણમાં પણ ધરા ધ્રૂજતા આસપાસના તમામ લોકો ઘરની બહાર દોડી આવ્યા છે. અહેવાલ અનુસાર ગઈકાલે રાત્રે બે ભૂકંપના આંચકા રિસ્કટર સ્કેલ પર પણ નોંધાયા હતા. એક ભૂંકપની તીવ્રતા ૨.૩ અને બીજાની ૨.૬ હતી.



## બાયસેગ ખાતે ગણિતને સરળતાથી સમજવા અંગે પાંચ દિવસીય વર્કશોપનો પ્રારંભ

ગાંધીનગરના ચ-0 સર્કલ પાસેના બાયસેગ ખાતે રાજ્ય સરકારના ડાયરેકટોરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત દાસ સાયન્ટિફિક રિસર્ચ લેબ્સનાના સહયોગથી "ટીચિંગ મેથેમેટિક્સ ઈન ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરી" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. એકવીસમી સદીમાં બાળકોને સરળતાથી ગણિત શીખવાડવાનો હેતુથી શિક્ષકો તથા પ્રાધ્યાપકોને તૈયાર કરવા આયોજિત કરવામાં આવેલા આ વર્કશોપમાં પ્રોગ્રામ કો ઓર્ડિનેટર અને વક્તા ચંચલ દાસ દ્વારા એક્સલના માધ્યમથી તમામ પ્રકારના ગાણિતિક કોયડાઓ અને પ્રશ્નોને ખુબજ સરળતાથી ઉકેલવાની પધ્ધતિઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી રહી છે. તા. ૭મી માર્ચથી સળંગ પાંચ દિવસ સુધી ચાલનારા આ વર્કશોપમાં ગુજરાતના વિવિધ શહેરોમાંથી પોલિટેક્નિક તેમજ એન્જિનિયરિંગ કૉલેજના આશરે ૧૫થી વધુ અધ્યાપકો અને પ્રાધ્યાપકો ભાગ લઈ રહ્યા છે તેમજ સમગ્ર વર્કશોપનું વંદે ગુજરાત ચેનલ નં.૧૫ દ્વારા રાજ્યભરમાં વિના મૂલ્યે લાઈવ પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.

# દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ

ગાંધીનગર, તા.૮

ફરી એકવાર ગુજરાત રાજ્યના હવામાનમાં પલ્ટો આવ્યો છે, એક તરફ ઉનાળો જામી રહ્યો છે તો બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ નોંધાયો છે. આગામી દિવસો પણ રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ થવાની સંભાવના સ્થાનિક હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ડાંગના સાપુતારામાં કમોસમી વરસાદ નોંધાયો છે. આ સિવાય માલેગાંવ, બારીપાડા, દબાસમાં પણ વરસાદ નોંધાયો છે. કમોસમી વરસાદના લીધે ડુંગળી, કેરી સહિતના પાકોને નુકસાન થવાનો ડર ખેડૂતોને સતાવી રહ્યો છે. ડાંગના કેટલાક ભાગોમાં બે દિવસથી વરસાદ થઈ રહ્યો હોવાનું રિપોર્ટ્સમાં કહેવાઈ રહ્યું છે. અગાઉ હવામાન વિભાગ દ્વારા ડાંગ સહિત દક્ષિણ ગુજરાતના ભાગોમાં કમોસમી માવઠાની આગાહી પણ કરી હતી.રાજ્યના હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે તથા આગામી બે દિવસ સુધી રાજ્યમાં કમોસમી વરસાદ થઈ શકે છે. આજે રાજ્યના ડાંગ, નવસારી, વલસાડ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને નર્મદામાં વરસાદ થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. વરસાદ સાથે ૩૦-૪૦ કિલોમીટરની ગતિએ પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે.

# રાજ્યના સાપુતારામાં માર્ચ માસમાં ચોમાસા જેવો માહોલ

ગુજરાતમાં માવઠાની વધુ એક રાઉન્ડની આગાહીથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ૧૦ માર્ચ સુધી દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં આજથી ૧૦ માર્ચ દરમિયાન સામાન્ય વરસાદી ઝાપટાં પડવાની શકયતા છે. તો સૌરાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારમાં પણ વાતાવરણ પલટો આવી શકે છે. જોકે, આ વરસાદ હળવો હોય શકે છે. ત્યારે સાપુતારામાં ધુમ્મસ સાથે કમોસમી વરસાદ થયો છે. બીજા દિવસે પણ વરસાદ વરસતા ચોમાસા જેવો માહોલ થયો છે. ડાંગના સાપુતારામાં બીજા દિવસે પણ વરસાદ વરસી રહ્યો છે. ડાંગમાં ધુમ્મસ સાથે કમોસમી વરસાદ વરસતા ચોમાસા જેવું વાતાવરણ થઈ ગયું છે. ધુમ્મસની ચાદર અને વરસાદ સાથે ગિરિમથકનું સૌંદર્ય વધારે ખીલી ઉઠ્યું છે. બીજા દિવસે પણ વરસાદ વરસતા ડાંગ જિલ્લામાં વાતાવરણ ઠંડુગાર થયુ છે. હવામાન ખાતાની આગાહી મુજબ, આજે અને આવતી કાલે દક્ષિણ ગુજરાતના છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, સુરત, ભરુચ, વલસાડ, દમણ તથા દાદરા અને નગર હવેલીમાં હળવો વરસાદ પડી શકે છે.




આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ગાંધીનગરમાં સૌ કોઈએ પોત પોતાની રીતે ઉજવણી કરી હતી. શહેરના સેક્ટર-૭ની બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના પૂર્વ મેનેજર પ્રદિપ સોલંકી દ્વારા બેંકના મહિલા કર્મચારીઓ તેમજ મહિલા ગ્રાહકોનું પુષ્પ અર્પણ કરીને અભિવાદન કર્યુ હતુ.

# લો હવે, બોગસ સર્ટિફિકેટના આધારે ભરતી-બઢતીનું કૌભાંડ

**યુવા આંદોલનકારી યુવરાજસિંહ જાડેજાએ વધુ એક કૌભાંડ જાહેર કર્યુ**

ગાંધીનગર, તા.૦૮

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે અને વિધાનસભાની ચૂંટણીઓ પણ નજીક આવી રહી છે. આ સમયે યુવા આંદોલનકારી નેતા યુવરાજસિંહ જાડેજાએ સરકારી નોકરીઓમાં વધુ એક કૌભાંડ જાહેર કર્યુ છે જેને પગલે ચકચાર મચી જવા પામી છે. યુવરાજસિંહના આક્ષેપ અનુસાર સરકારી નોકરીઓમાં ભરતી-બઢતી પ્રક્રિયામાં બોગસ સર્ટિફિકેટનો સહારો લેવામાં આવ્યો છે.

છેલ્લાં કેટલાંક સમયથી સરકારી નોકરીઓમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં એક બાદ એક ભરતી કૌભાંડો બહાર આવી રહ્યાં છે અને તે અંગે સરકારના નરમ વલણ સામે પણ આક્ષેપો થઈ રહ્યાં છે. બિનસચિવાલય ક્લાર્કથી માંડીને ઉર્જા વિભાગની ભરતીમાં થયેલી ગેરરીતી અંગે યુવરાજસિંહ જાડેજાએ અનેક કૌંભાડ ઉજાગર કર્યા છે અને આજે તેમણે વધુ એક ઘટસ્ફોટ કરીને સરકારને ચોંકાવી દીધી છે. યુવરાજસિંહે સરકારી નોકરીઓમાં ભરતી-બઢતીમાં બોગસ સર્ટિફિકેટના આક્ષેપ લગાવ્યા છે. તેમના દ્વારા આજે અખબારભવન ખાતે .એક પ્રેસ કોન્ફરન્સ કરીને વર્ષ ૨૦૧૮ બાદની ઉર્જા વિભાગની ભરતીમાં થયેલ ગેરરીતિને ઉજાગર કરવામાં આવ્યા છે જેમાં તેમના જણાવ્યાં મુજબ આ ભરતી-બઢતી પ્રક્રિયામાં બોગસ સર્ટિફિકેટનો સહારો લેવામાં આવ્યો છે. હવે યુવરાજસિંહના આક્ષેપમાં કેટલું સાચું છે કે ખોટું તે તપાસનો વિષય બન્યો છે.

# મહિલા શક્તિ માટે રાજ્ય સરકારે સ્વાસ્થ્ય-શિક્ષા સુરક્ષાનો ત્રિસ્તરીય અભિગમ અપનાવ્યો છે

**આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં સહભાગી થતા મુખ્યમંત્રી**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં સહભાગી થતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે મહિલા શક્તિના સર્વગ્રાહી કલ્યાણ માટે રાજ્ય સરકારે સ્વાસ્થ્ય-શિક્ષા અને સુરક્ષાનો ત્રિસ્તરીય અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્ય સરકારે આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે મહિલા બાળ કલ્યાણ વિભાગના બજેટમાં ૪૨ ટકાનો ધરખમ વધારો કરીને ૪૯૭૬ કરોડ રૂપિયા નારીશક્તિના સર્વાંગી ઉત્કર્ષ માટે ફાળવ્યા છે.



મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રિય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં આયોજિત સમારોહમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અને ૨૦૨૧-૨૨ ના ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માતા યશોદા પુરસ્કાર અંતર્ગત રોકડ પુરસ્કાર, શોલ અને પ્રમાણપત્ર અર્પણ કર્યા હતા.

તેમણે મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી મનિષાબહેન વકીલ, આરોગ્ય રાજ્યમંત્રી નિમિષાબહેન સુથારની ઉપસ્થિતીમાં આ સમારોહમાં ગંગા સ્વરૂપા માતાઓનું સન્માન, વહાલી દિકરી યોજનાના કુલ ૧.૧૦ લાખના મંજૂરી સહાય હુકમ વિતરણ તેમજ મહિલા સ્વાવલંબન યોજનાની લાભાર્થી બહેનોને સહાયના ચેક પણ અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, માતા-બહેનોના સ્વાસ્થ્યની રક્ષા માટેના આરોગ્યલક્ષી કાર્યક્રમો અન્વયે કુપોષણમુકત ઉજ્જવળ આવતીકાલના નિર્માણના ધ્યેય સાથે રાજ્ય સરકારે સુપોષિત માતા સ્વસ્થ બાળ યોજના શરૂ કરવાનું આ બજેટમાં પ્રાવધાન કર્યુ છે.



## નિરસતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શોપિંગ સેન્ટરની ૭૨ માંથી ૪૯ દુકાનો પડી રહી છે. જયારે રાયસણ વિસ્તારમાં બે સ્થળે બાંધેલી દુકાનો પૈકી પ્લોટ નં -૩૫૧માં તમામ ૫ દુકાનો વેચાઈ ગઈ છે. આ ઉપરાંત એક દાયકાના અંતે પણ પ્લોટ નં - ૩૬૮ માં બાંધવામાં આવેલી ૯ પૈકી ૩ દુકાનો હજુ સુધી યથાવત છે. ગુડાએ વેચાણ અર્થે મુકેલા પ્લોટસની કીંમત પણ તોતિંગ હોવાથી વેચાણ મામલે અનેક સવાલો મંડરાય તેવી સ્થિતિ છે.

## વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ અને ભૂ-સંરચનાને ધ્યાને લેતાં મોટા કે મધ્યમ ડેમ બનાવવા શક્ય નથી.

સાબરમતી નદી પર ગાંધીનગર ખાતે સંત સરોવર અને માણસા તાલુકામાં લાકરોડા ખાતે એમ બે બેરેજ બનાવવામાં આવેલ છે.

● **પાઈપલાઈનથી પાણી પુરૂ પાડવા**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પુરૂ પાડવા બાબતે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે જિલ્લામાં ૨૪૯ ગામોને પાઈપલાઈનથી પાણી પુરૂ પાડવામાં આવે છે.

ગાંધીનગરના ૪૮, દહેગામના ૯૨, માણસાના ૪૫ અને કલોલના ૬૪ ગામોને પીવાનું પાણી પાઈપાઈનથી પહોંચાડવામાં આવી રહ્યુ છે.

● **નર્મદા આધારિત પાણી**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં નર્મદા આધારિત પીવાનું પાણી આપવામાં આવે છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૧૫૫ ગામોને નર્મદાનું પાણી આપવામાં આવે છે.

ગાંધીનગરના ૨૨, દહેગામના ૫૩, માણસાના ૩૮ અને કલોલના ૪૨ ગામોમાં નર્મદાના નીર પહોંચ્યા છે. આ યોજના અંગે બે ફરિયાદો મળી હતી અને તેનો નિકાલ કરવામાં આવ્યો હોવાનું પણ પાણી પુરવઠામંત્રીએ જણાવ્યુ છે.

● **ધન્વન્તરી રથની સેવાઓ**

કોરોનાની મહામારી દરમ્યાન જિલ્લામાં કેટલા લોકોએ ધન્વન્તરી રથની સેવાઓનો લાભ લીધો તેવા દહેગામના ભાજપના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩,૩૬,૪૯૨ લોકોએ લાભ લીધો છે.

● **અને છેલ્લે...**

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં કોંગીના ગેનીબેન ઠાકોરે જણાવ્યુ હતુ કે ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત અને રઘુભાઈ દેસાઈએ મહિલાઓને યથાશક્તિ ભેટ આપી મહિલાઓનું સન્માન કર્યુ છે. તેમણે મહિલા ધારાસભ્યોને વધુ ગ્રાન્ટ આપવાની માગણી કરી હતી અને સરકારે તેમની માંગ સ્વીકારી ગ્રાન્ટમાં વધારો કરવાની જાહેરાત કરી છે.

## બંધક બનાવ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોત થયું છે.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે યુક્રેન સંકટ પર વાતચીત કરી. ચીની રાષ્ટ્રપતિએ બંને ટોચના નેતાઓને યુક્રેન સંકટ પર મહત્તમ સંયમ રાખવા વિનંતી કરી છે.

યુક્રેન પર રશિયન આક્રમણથી ભાગી રહેલા લોકોથી ભરેલી બસોને મંગળવારે બે મુશ્કેલીગ્રસ્ત શહેરોના સલામત કોરિડોરમાં છોડી દેવામાં આવી હતી. તે બધાને યુક્રેનથી ભાગી જવાની ફરજ પડી છે. દરમિયાન, યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું હતું કે દેશમાંથી શરણાર્થીઓની હિજરત બે મિલિયન સુધી પહોંચી ગઈ છે. બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપમાં સૌથી મોટા ગ્રાઉન્ડ વોર વચ્ચે રશિયન આક્રમણ લોકોને ઘેરી વળ્યું છે. હુમલાઓ વચ્ચે યુક્રેનિયનો ખોરાક, પાણી અને દવાઓની અછતથી ઝઝૂમી રહ્યા છે.ગ્રીસના વડા પ્રધાન કિરિયાકોસ મિત્સોટાકિસ ૧૩ માર્ચે ઈસ્તંબુલમાં તુર્કીના રાષ્ટ્રપતિ તૈયપ એર્દોગનને મળશે,એમ ગ્રીક સરકારના પ્રવક્તાએ મંગળવારે જણાવ્યું હતું. બંને નેતાઓ વચ્ચે રશિયાના યુક્રેન પરના આક્રમણ અંગે ચર્ચા થવાની અપેક્ષા છે. ગ્રીસ અને તુર્કી, નાટો સાથી, પૂર્વીય ભૂમધ્ય સમુદ્રમાં એરસ્પેસથી લઈને દરિયાઈ વિસ્તારો, સ્થળાંતર અને વંશીય રીતે વિભાજિત સાયપ્રસ સુધીના મુદ્દાઓની શ્રેણી પર અસંમત છે.

## ૫૨ ફાઈટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રશિયા યુક્રેન વચ્ચે સોમવારે ત્રીજા રાઉન્ડની વાતચીત થઈ. માનવતાવાદી કોરિડોર દ્વારા લોજિસ્ટિક્સની ડિલિવરી અંગે બંને દેશો વચ્ચે ચર્ચા થઈ હતી. રશિયાએ કહ્યું કે કોઈ સકારાત્મક પરિણામ નથી.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સીરિયન લડવૈયાઓ પાસેથી મદદ મેળવવાના દાવાને ફગાવી દીધા છે. પુતિને કહ્યું કે યુક્રેનમાં માત્ર રશિયન સેના જ લડી રહી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ દેશને સંબોધતા કહ્યું કે હું ક્યાંય ભાગ્યો નથી. હું કિવમાં મારી ઓફિસમાં છું. તેણે ફરીથી દેશમાંથી ભાગી જવાના દાવાઓને નકારી કાઢ્યા. યુક્રેનની વાયુસેનાએ દાવો કર્યો છે કે યુક્રેન યુદ્ધ શરૂ થયાના ૧૨ દિવસમાં ૫૨ રશિયન ફાઈટર જેટ અને ૬૯ હેલિકોપ્ટરને તોડી પાડ્યા છે.

## હાકલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તિરુમૂર્તિએ કહ્યું, 'ભારત વારંવાર તમામ દુશ્મનાવટનો તાત્કાલિક અંત લાવવા માટે આહ્વાન કરી રહ્યું છે. ગઈકાલે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરી એકવાર બંને પક્ષોના નેતૃત્વ સાથે વાત કરી અને તાત્કાલિક યુદ્ધવિરામ માટે હાકલ કરી હતી. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિએ કહ્યું કે યુક્રેનની સ્થિતિ સતત બગડી રહી છે. માનવતાવાદી કટોકટી વધુ ઘેરી બની રહી છે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર છેલ્લા અગિયાર દિવસમાં ૧૫ લાખથી વધુ શરણાર્થીઓએ યુક્રેનના પાડોશી દેશોમાં આશરો લીધો છે. તેમણે કહ્યું કે આપણે યુક્રેનમાં બગડતી પરિસ્થિતિ અને આગામી માનવીય સંકટ પર તાત્કાલિક ધ્યાન આપવું જોઈએ, જેથી પરિસ્થિતિ વધુ બગડે તે પહેલા તેને સંભાળી શકાય. ટીએસ તિરુમૂર્તિએ કહ્યું, "અમે ભારતીયો સહિત તમામ દેશોના નાગરિકો માટે સલામત માર્ગની અમારી તાકીદની માંગને પુનરાવર્તિત કરી છે. અમે ખૂબ જ ચિંતિત છીએ કે બંને પક્ષો તરફથી વારંવાર અપીલ કરવા છતાં, સુમીમાં અમારા વિદ્યાર્થીઓ માટે સલામત કોરિડોર બનાવવામાં આવ્યો નથી. તેને સરળ બનાવવામાં સફળ થયા. અમે અન્ય દેશોના નાગરિકોને પણ પોતપોતાના દેશોમાં પાછા ફરવામાં મદદ કરી છે. એટલું જ નહીં, આગામી દિવસોમાં પણ અમે આવું કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. તિરુમૂર્તિએ કહ્યું, "ભારત પહેલાથી જ યુક્રેન અને તેના પડોશી દેશોને માનવતાવાદી સહાય મોકલી ચૂક્યું છે. જેમાં દવાઓ, તંબુ, પાણીના સંગ્રહની ટાંકીઓ, અન્ય રાહત સામગ્રીનો સમાવેશ થાય છે. અમે અન્ય જરૂરિયાતોને ઓળખવાની અને મોકલવાની પ્રક્રિયામાં છીએ." તેમણે વધુમાં કહ્યું, 'ભારતીયોને ઘરે લાવવા માટે ૮૦ થી વધુ ઈવેક્યુએશન ફ્લાઈટ્સ આકાશમાં ઉડી રહી છે. અમે યુક્રેન અને તેના પડોશી દેશોના સત્તાવાળાઓ દ્વારા અમારા નાગરિકોને પરત લાવવાની સુવિધામાં આપવામાં આવેલી સહાયની પ્રશંસા કરીએ છીએ.